શામળાજીમાં કાળીયાઠાકોરના દર્શને પહોંચેલા ભક્તો પર એન્ટીબેક્ટેરિયલ હળદર અબીલ-ગુલાલથી હોળી રમ્યા

રાજ્યભરમાં આજે હોળીની પર્વની રંગારંગ ઉજવણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. યાત્રાધામ શામળાજી અને ડાકોરમાં ભક્તો મોટી સંખ્યામાં રાજા રણછોડનાં દર્શન કરવા ઉમટ્યા હતા. કોરોના વાયરસની ભીતિ વચ્ચે પણ ભક્તોની આસ્થામા ઓટ આવી નથી. મોટી સંખ્યામાં દર્શનાર્થીનીઓની વહેલી સવારથી કતારો જામી છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં હોળી તહેવાર નિમિત્તે મંદિર પરિસરમાં હોળી રમવાની અનેરી પરમ્પરા છે. ભગવાન શામળિયાના દર્શન કરવા આવેલા ભક્તોને કોરોના વાયરસ અને વાઈરલ ઈફેક્શની અસરથી દૂર રહે તે માટે સૌપ્રથમ વાર પ્રશાસને ભક્તો પર મંદિરમાં અબીલ ગુલાલની સાથે હળદર પણ ઉડાવવામાં આવી રહી છે. આ પાછળ મંદિર પ્રસાશન માની રહ્યાં છે કે હળદર એન્ટિબેક્ટેરિયલ છે. તો તેનાથી કોઈપણ પ્રકારનો વાયરસ દૂર રહે છે. ભક્તો આજ સવારથી શામળિયાની એક ઝલક લેવા માટે લાંબી લાઇનોમાં ઉભા છે. ભક્તો મંદિરમાંથી ઉડી રહેલી રંગો અને પાણીની છોડોને પોતાની પર પળે તે ઘડી આવતાની સાથે ધન્યતા અનુભવતા હતા. શ્રદ્ધાળુઓ શામળિયાનાં દર્શન કરીને આનંદ અનુભવી રહ્યાં છે. અરવલ્લી જીલ્લાનાં ભિલોડા તાલુકામાં સ્થિત હરી વિષ્ણુના શેઠ શામળીયા અવતારનું અતિ કલ્યાણકારી ધામ શામળાજીમાં બિરાજતા કાળીયા ઠાકોરના હોળીનાં પાવન પર્વે આ ધામના દર્શન કરવાનો વિશેષ મહિમા રહેલો છે.

બાયડનો જય અંબે મંદબુદ્ધિ આશ્રમ

દિવ્યાંગ મહિલાઓ માટે ૩૬૫ દિવસ મહિલા દિવસની ઉજવણી જેવો હેત

વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરી રહ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં મહિલાઓ માટે એવો

આશ્રમ છે કે જે વર્ષના તમામ દિવસ મહિલા દિવસ તરીકે ઉજવે છે.અરવલ્લીના બાયડમાં જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ ટ્રસ્ટ દ્વારા બિનવારસી મંદબુદ્ધિ-દિવ્યાંગ બહેનો માટે આશ્રય સ્થાન સાથે આશ્રમ ત્રણ વર્ષ અગાઉ શરુ કરવામાં આવ્યો હતો.સમાજથી તિરસ્કાયેલ,સ્ટેશનો પર ફરતી અજાણી મંદબુદ્ધિ ધરાવતી મહિલાઓને અહીં લાવવામાં આવે છે.તેમની અહીં શારીરિક સારવાર

સાથે,માનસિક સારવાર પણ કરવામાં આવે છે.જય અંબે મંદબુદ્ધિ સેવા આશ્રમ અત્યાર સુધી રાજ્યની અને પરપ્રાંતીય માનસિક રોગી મહિલાઓએને પ્રેમરૂપી હૂંફ અને આરોગ્ય સારવાર કરાવી તેમના પરિવાર સાથે અનેક મહિલાઓને મિલન કરાવવામાં સફળ રહ્યો છે કેટલીક માનસિક સ્વસ્થ બનેલી યુવતીઓ અને મહિલાઓ તો આશ્રમ છોડી ઘરે જવા પણ ઈન્કાર કરી દીધો હોય તેવી અનેક ઘટનાઓ પણ બની છે

સંસ્થાના પ્રમુખ અશોકભાઈના જણાવ્યા અનુસાર આશ્રમની શરૂઆત ત્રણ માનસિક દર્દીઓ સાથે કરી હતી તે વખતે માઈનસ ૬ લાખ રૂપિયાના ખર્ચ હેઠળ શરુ કરાયેલી સંસ્થામાં હાલ ૧૪૬ દિવ્યાંગ મહિલાઓની સેવા કરવામાં આવી રહી છે.સંસ્થા દ્વારા ૯૮ જેટલી મહિલાઓને માનસિક રીતે સ્વસ્થ કરીને પરિવાર સાથે મેળાપ કરવાનું ભગીરથ કામ જય અંબે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.આયોજકો માને છે અમારા માટે વર્ષના ૩૬૫ દિવસ વિશ્વ મહિલા દિવસની ઉજવણી સમાન છે.મહિલાના સન્માન માટે સતત કામ કરતી સંસ્થા દાતાઓના દાન વડે ચાલી રહી છે પણ ટ્રસ્ટી વિનુભાઈ સરકારને વિનંતી કરે છે કે માનસિક દિવ્યાંગ મહિલાના સન્માન સેવામાં સરકાર પોતાનો સહકાર આપે તેવી માંગણી કરવામાં આવી રહી છે.

બાયડના નિર્મલ પટેલના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૫ વર્ષથી બિનવારસી મંદબુદ્ધિ ધરાવતા લોકો માટે અમે કામ કરીએ છીએ શરૂઆતમાં માનસિક દિવ્યાંગ પુરુષોને એકઠા કરી દર રવિવારે પાલીતાણા મોકલતા હતા પણ મહિલાઓ માટે ફોન આવવાના શરુ થતા મહિલા માટે પણ આશ્રમ ખોલવાનો વિચાર આવ્યો અને હવે રાજ્યના રાજસ્થાન,મધ્યપ્રદેશ,ઉત્તર પ્રદેશ,મહારાષ્ટ્રથી મહિલા દિવ્યાંગોને અહીં લાવવામાં આવે છે. મહિનામાં બે વખત અમદાવાદથી સાયકાટ્રીસ્ટ ડોક્ટર દ્વારા તમામ દર્દીઓને સારવાર આપવામાં આવે છે તેમના માટે અલગ ફાઈલો બનાવીને સારવારની તકેદારી રાખવામાં આવે છે ત્યારે દાન આપનાર લોકો થકી ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

નેપાળની યુવતીએ આશ્રમને ઘર તરીકે સ્વીકારી લીધો

નેપાળની યુવતીએ નોકરીની ઘેલછાએ અમદાવાદ ખાતે આવી હતી પણ કેટલાક અસામાજિક તત્વોની ચુંગાલમાં ફસાયેલ ડ્રગ્સના રવાડે ચડાવી દેવાઈ હતી.વિચલિત કરી દે તેવી પરિસ્થિતિમાં આ નેપાળી મહિલાને તરછોડી દેવાઈ હતી ત્યારે માનસિક અસ્થિર બની ચૂકેલ આ નેપાળી મહિલાને અમદાવાદ પોલીસ બાયડ ખાતે મહિલા આશ્રમમાં મૂકી ગઈ હતી.સંસ્થામાં દ્વારા સારવાર સાથે હૂંફ અને પ્રેમના સહવાસમાં આજે નેપાળી મહિલા સ્વસ્થ થઈ ચુકી છે અને નેપાળ થી આવેલ બે ભાઈઓને પણ તેને તેમની સાથે ન જવાનું કહી હવે અહીં આશ્રમમાં સેવા આપી રહી છે.

ડીસાના દામાની મહિલાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પતિએ મરવા મજબૂર કરી હોવાની પિતાની ફરિયાદ

ડીસા તાલુકાના દામાં ગામે રહેતા એક ખેત મજૂરની પત્નીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી હતી.આ મામલે મૃતકના પિતાએ ડીસા તાલુકા પોલીસ મથકે તેના પતિ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર મુલ રાજસ્થાનના વતની અને ખેતી કામ સાથે જોડાયેલા દેવારામ ખેતરામ કોળીની દીકરી ગોમતીના લગ્ન આઠેક વર્ષ અગાઉ સામાજિક રીત રિવાજ મુજબ બાડમેર જિલ્લાના રડમલભાઈ ઉર્ફે માલરામ સોનારામ કોળી સાથે કરેલા લગ્ન જીવન દરમ્યાન ત્રણ બાળકો પણ થયેલા અને તેમની દીકરી ગોમતી અને જમાઈ દામાં ગામે રબારી મફાભાઈના ખેતરમાં ભાગ રાખી મજૂરી કરતા હતા પણ સોમવારે તેમની દીકરી ગોમતીએ ખેતરની ઓરડીમાં ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું.

આ બાબતની જાણ તેના જેઠ દ્વારા યુવતીના પિતા દેવરામને કરતા તેઓ તાત્કાલિક દામા ગામે પહોંચી તપાસ કરતા તેમની દીકરી ગોમતી મરણ હાલતમાં ત્યાં પડેલી જોતા આ મામલે તેઓએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી જણાવેલ કે મારી દીકરી ગોમતીને મારો જમાઈ રડમલ અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ આપી ખેતરના ભાગના રૂપિયા પોતાના પિતાને આપી દઈને તેણીને મરવા મજબૂર કરી હોવાનું ઉમેર્યું હતું. આ મામલે તાલુકા પોલીસે મૃતકને આત્મહત્યા માટે મજબૂર કરવા દુષપ્રેરણા બાબતે કલમ ૩૦૬ મુજબનો ગુનો રડમલ ઉર્ફે મલારામ કોળી વિરુદ્ધ નોંધી મૃતકની લાસને પીએમ અર્થે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કોલેજ દ્વારા

લાખવડ ગામે યોજાયો પૂરા આઠ દિવસનો એનએસએસ કેમ્પ

૫૦ જેટલાં વિદ્યાર્થીઓએ હોંશે હોંશે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરી ગ્રામજનોના દિલ જીતી લીધા

ગણપત વિદ્યાનગર, તા. ૯

ગણપત યુનિવર્સિટી શ્રી એસ.કે. પટેલ કોલેજ ઓફ

ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ એનએસએસ યુનિટ દ્વારા તાજેતરમાં એક સપ્તાહનો વિશેષ 'કેમ્પ' મહેસાણા નજીકના લાખવડ ગામે યોજવામાં આવ્યો હતો.

યુવાનોના સર્વાંગી વ્યક્તિત્વ-વિકાસ માટે અને વિદ્યાર્થીની શૈક્ષણિક કારકિર્દીની સાથે સાથે તેના ચારિત્ર્યનું પણ ઉત્તમ ઘડતર થાય તેવા હેતુસર યોજાતા આવા ખાસ શિબિર-કેમ્પમાં ગ્રામજનો સાથે મળીને અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સર્વરોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન, આયુર્વેદિક નિદાન-કેમ્પ, ગ્રામસફાઈ, નશાબંધી રેલી, બ્લડ ગ્રુપ ચકાસણી, સાંસ્કૃતિક કાર્યક્રમ-લોકડાયરો જેવા ઘણાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

ગણપત યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા, પ્રો. વાઈસ ચાન્સેલર અને રજિસ્ટ્રાર ડૉ. અમિત પટેલ, પ્રો. વાઈસ ચાન્સેલર અને એક્ઝિક્યુટિવ ડીન પ્રો. ડૉ. આર.કે. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયેલા એક અઠવાડિયાના 'કેમ્પ'નું વિદ્યાર્થીઓ અને અન્ય ફેકલ્ટી-મેમ્બર્સ સાથે રહીને કો-ઓર્ડિનેશન પ્રો. ડૉ. નિલેશ પટેલે કર્યુ હતુ.

પ્રાંતિજના બોરિયા સિતવાડા પ્રાથમિક શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બોરિયા સિતવાડા પ્રાથમિક શાળામાં સાંસ્કૃતિક

કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમા શાળામાં અભ્યાસ કરતાં ૨૩૪ તમામે તમામ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો ભાગ લીધો હતો.

પ્રાંતિજના બોરિયા સિતવાડા ખાતે આવેલ બોરિયા સિતવાડા આદર્શ પ્રાથમિક શાળા ખાતે શાળા પરિવાર દ્વારા શાળાના બાળકોમા રહેલ શકિતઓને ઉજાગર કરવાના હેતુથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળામાં અભ્યાસ કરતા ૨૩૪ વિદ્યાર્થીઓ કે જેમાં એક વિકલાંગ વિદ્યાર્થીએ પણ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. શાળાના બાળકોએ રેબનવાળા ચશ્માં, ગરબો, નાટક, પ્રાર્થના, દેશભકિત થીમ સહિતના વિવિધ ૩૨ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમો ભાગ લઈને બહારથી આવનાર મહેમાનો તથા વાલીઓના ગ્રામજનો તથા પ્રેક્ષકો ના દિલ જીતી લીધા હતા. શાળા પરિવાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, બાળકોએ પણ સુંદર પર્ફોર્મન્સ કરતા ગામમાંથી લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા અને શાળાનું મેદાન પણ નાનું પડયું હતું. આવેલ મહેમાનો પ્રેક્ષકો દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય ધવલભાઈ સુથાર, ભરતભાઈ પટેલ, સંદિપભાઈ, દિપીકાબેન, સોનલબેન, વૈશાલીબેન, મંજુલાબેન, દશરથભાઈ, અશોકભાઈ સહિત શિક્ષકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું એલાઉન્સમેન્ટ શાળાના આચાર્ય ધવલભાઈ સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનો રંગેચંગે વસંતોત્સવ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સતત ૬૪ વર્ષથી શૈક્ષણિક ક્ષેત્રે મહત્વનું યોગદાન પૂરૂ પાડનાર શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ

સંચાલિત રત્નદીપ સોસાયટી નજીક અને ડીપ વિસ્તારની બાલમંદિર અને પ્રાથમિક શાળા અને કોમ્પ્યુટર સેન્ટર શાળાનો વસંતોસ્તવ કાર્યક્રમ શહેરના નગરપાલિકા ટાઉનહોલમાં બાલમંદિર મંડળ પ્રમુખ નિલેશ જોશીની અધ્યક્ષતામાં અને વેરહાઉસિંગ બોર્ડના ચેરમેન મગનલાલ માળી, દેશના શ્રેષ્ઠ સરપંચ તરીકેનું બિરૂદ પામનાર પુંસરીના હિમાંશુ પટેલ અને નરેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો અને દેશભક્તિ અને માનવસેવાના નાટ્ય રજુ કરી અનોખો સંદેશો આપ્યો હતો.

મોડાસા ટાઉનહોલ ખાતે યોજાયેલ શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ સંચાલિત રત્નદીપ સોસાયટી નજીક અને ડીપ વિસ્તારની બાલમંદિર અને પ્રાથમિક શાળા અને કોમ્પ્યુટર સેન્ટર શાળાનો વસંતોસ્તવ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીગણ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ નિલેશ જોશી અને ઉદ્ઘાટક નરેન્દ્ર પટેલે પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું વસંતોત્સવ કાર્યક્રમમાં શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન અભ્યાસ સહીત વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો અને દેશની સંસ્કૃતિની અને કલાની ઝાંખી કરાવનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સહિત કરવામાં આવ્યા હતા.

શ્રી સરસ્વતી બાલમંદિર મંડળની શૈક્ષણિક સેવાઓમાં વધુ એક છોગુ ઉમેરાયું હતું. વેરહાઉસિંગ બોર્ડના ચેરમેન મગનલાલ માળીના હસ્તે નીવ ઈન્ટરનેશનલ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વસંતોસ્તવ કાર્યક્રમમાં મંડળના મંત્રી અલ્પેશ ગાંધી, નવનીત પરીખ, મુકુંદ શાહ, મનીષ તલાટી મંડળના વિનોદ પટેલ સહીત હોદ્દેદારોએ સૌનું સ્વાગત કર્યું હતું. વસંતોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા શૈક્ષણિક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

ટીંટોઈ ગામે સંયુક્ત માલિકીની જમીન બોગસ દસ્તાવેજથી વેચી નાખવાનો પેતરો કરી જાનથી નારી નાખવાની ધમકી

મોડાસા, તા. ૯

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે આવેલી સંયુક્ત માલીકીની આશરે ૧૩ હેકટર જમીનમાં અન્ય માલીકોની જાણ બહાર ખોટી સહીઓ, ખોટા સોગંદનામા દ્વારા ખોટી વહેંચણી કરી દેવાઈ હોવાનું તરકટ પ્રકાશમાં આવ્યું હતું. આ જમીનના હિસ્સેદારે આ અંગે ગામના જ સરપંચ વિરૂધ્ધ મોડાસાના રૂરલ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતાં જ પંથકમાં ચકચાર મચી હતી. ટીંટોઈ ગામના સરપંચ જમીન પચાવી પાડવા અને જમીનમાંથી પસાર થતી રેલવે લાઈનના પૈસા પડાવી લેવા ખોટું સોગંદનામું અને કુવૈત રહેતા ખાતેદારોની ખોટી સહીઓ કરી જમીનના ખોટા હિસ્સા વહેંચણી કરવાનું કૌભાંડ બહાર આવતા ચકચાર મચી છે. રૂરલ પોલીસે આ ફરીયાદના આધારે ટીંટોઈના સરપંચ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે આવેલ ૧૧ જણાની સંયુક્ત માલીકીની જમીન આ જમીનના જ કેટલાક સંયુક્ત માલીકોની જાણ બહાર મામલતદાર કચેરીના નોંધપત્રમાં ખોટી વહેંચણી કરી દેવાઈ હોવાની ફરીયાદે ચકચાર મચાવી છે. જયારે ગામના જ સરપંચ વિરૂધ્ધ કરાયેલા આક્ષેપોને લઈ જનતાના જ પ્રતિનિધિઓ અને સરકારી કચેરીઓની કાર્યવાહી સામે જ સવાલો ઉઠી રહયા છે.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામના ખેડૂત અનવરહુસેન કાસમભાઈ ટીંટોઈયાએ ગત શનિવારના રોજ મોડાસાના ગ્રામ્ય પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. આ ફરીયાદમાં જણાવ્યા મુજબ ટીંટોઈ ગામની સીમમાં તેઓની વડીલોપાર્જિત સંયુક્ત માલીકીની ૧૩.૨૮.૦૯

હેકટર આરે.ચો.મી જમીન આવેલી છે. પરંતુ તેઓ જયારે આ જમીનના જરૂરી ઉતારા મેળવવા મોડાસાની મામલતદાર કચેરીએ ગયા હતા. ત્યારે કચેરીએથી મેળવેલ ૭/૧૨ અને ૮-૨ના ઉતારાઓમાં જુદાજુદા હિસ્સે વહેંચાયેલ નોંધો જોવા મળતાં જ તેઓ ચોંકી ઉઠયા હતા. ફરીયાદી અનવરહુસેન ટીંટોઈયા કે તેઓના બે ભાઈઓની જાણ બહાર આ સંયુક્ત માલીકીની જમીનમાં હિસ્સેદાર એવા પાંચ જણાના નામે મોટા હિસ્સાની વહેંચણીની નોંધો જણાઈ આવી હતી.

આ અંગે તેઓએ તેમના જ કાકાના દિકરા અને ટીંટોઈના સરપંચ અબ્દુલકાદર ટીંટોઈયાનો સંપર્ક કરતાં અને વિગત જણાવતાં જ આ સરપંચ એકોએક ઉકળી ઉઠયા હતા અને હુ ગામનો સરપંચ છું, તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં અનવરહુસેન ટીંટોઈયા ગભરાઈ ગયા હતા.

ગામના સરપંચ એવા પિતરાઈ ભાઈ વિરૂધ્ધ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરીયાદ કરી હતી. ફરીયાદી અનવરહુસેન કાસમભાઈ ટીંટોઈયા રહે. ટીંટોઈનાઓની ફરીયાદના આધારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના ઈનચાર્જ ઈન્સ્પેકટર સી.પી. વાઘેલાએ આરોપી અબ્દુલકાદર ગુલામહુસેન ટીંટોઈયા રહે. ટીંટોઈનાઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડૉક્ટરોએ અમદાવાદમાં ડિજિટલ ઓર્થોપેડિક ટેકનોલોજી વર્કશોપમાં તકનીકનો ઉપયોગ કરીને ઘૂંટણની લાઈવ સર્જરી

પ્રખ્યાત ઓર્થોપેડિક સર્જન ડૉ. મનીષ શાહે અમદાવાદમાં ડિજિટલ ઓર્થોપેડિક ટેકનોલોજી વર્કશોપમાં તેમની પેટન્ટ ધરાવતી KNE3WIZ ટેકનોલોજીનો ઉપયોગ કરીને આજે ઘૂંટણની લાઈવ શસ્ત્રક્રિયા કરી હતી.

એસઈએ (સર્જન એજ્યુકેશન એકેડેમી) દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલી ડિજિટલ ઓર્થોપેડિક ટેકનોલોજી વર્કશોપ ૨૦૨૦ (DOT 2020)માં જીવંત શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી, જે ઘૂંટણની આર્થોપ્લાસ્ટીના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી આ પ્રકારની પ્રથમ વર્કશોપ હતી. KNE3WIZ ટેકનોલોજીના શોધક ડૉ. મનીષ શાહે આ સિદ્ધિ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે KNE3WIZ ટેકનોલોજી એક ખૂબ જ સચોટ ટોટલની રિપ્લેસમેન્ટ (ટીકેઆર) શસ્ત્રક્રિયા પ્રક્રિયા છે જે એક મોટી સિસ્ટમ બનાવવા માટે અગાઉની હાલની બધી ટેકનોલોજિસ પર બનેલી છે જે દરેક કેસની વ્યક્તિગત રીતે ચકાસણી કરે છે અને અજોડ ચોકસાઈથી ઉકેલ પ્રદાન કરે છે. આ બનાવટ પેશન્ટ સ્પેસિફિક ઈન્સ્ટ્રુમેન્ટેશન સર્જરી, રોબોટિક સર્જરી તેમ જ કમ્પ્યુટર આસિસ્ટેડ સર્જરી જેવી રંપરાગત અને આધુનિક ટીકોર શસ્ત્રક્રિયાઓમાં નડતી બધી સમસ્યાઓને દૂર કરે છે અને નોંધપાત્ર પ્રમાણમાં સમય તેમજ પૈસાની બચત કરાવે છે. દેશભરના ૧૫થી વધુ ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જનોએ આપેલી હાજરી સાથે DOT 2020 એ ડિજિટલ ઉપકરણો વડે હાડકાની નોંધણી માટેની વ્યક્તિગત તાલીમવાળી ભારતની પહેલી વર્કશોપ છે.